**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : શીતલ વૈષ્ણવ**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 08-08-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## હર ઘર તિરંગા અભિયાનની શરૂઆત

કેન્દ્ર સરકારના આજથી શરૂ થનારા "હર ઘર તિરંગા" અભિયાનની ઉજવણી માટે રાજ્યભરમાં ભવ્ય આયોજન કરાશે. રાજ્યમાં આજથી 15 ઑગસ્ટ દરમિયાન 78મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરાશે એમ રમતગમત અને યુવક સેવા મંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું**. વધુમાં તેમણે જણાવ્યું** કે, આ અભિયાન અંતર્ગત રાજકોટ, સુરત, વડોદરા અને અમદાવાદ એમ મુખ્ય ચાર શહેરમાં 2થી 3 કિલોમીટર લાંબી તિરંગા યાત્રા યોજાશે, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે. આ સાથે રાજ્યની કુલ 14 હજાર 292 ગ્રામ પંચાયતમાં તિરંગા યાત્રાની ઉજવણી કરાશે. આ યાત્રામાં રાજ્યભરની અંદાજે 2 હજાર 200થી વધુ સંસ્થા સહભાગી થશે.

રમતગમત મંત્રીએ કહ્યું, રાજ્યના તમામ જિલ્લામાં 50 લાખથી વધુ તિરંગાનું વિતરણ કરાશે. સરકારના વિવિધ વિભાગ દ્વારા યાત્રા દરમિયાન અંદાજે નવ ટેબલો પ્રદર્શિત કરાશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## રાજ્ય સભાની બેઠકો માટે ચૂંટણી

નવ રાજ્યોની ખાલી પડેલી રાજ્યસભાની 12 બેઠકો માટે 3 સપ્ટેમ્બરે ચૂંટણી યોજાશે. કેન્દ્રીય ચૂંટણી પંચે જાહેરાત કરતા જણાવ્યું હતું કે, 14 ઓગસ્ટે આ અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ થશે. ઉમેદવારો 21 ઓગસ્ટ સુધી ઉમેદવારી પત્ર ભરી શકે છે. ઉમેદવારી પત્રોની ચકાસણી 22મીએ થશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## રેલવે સ્ટેશન- OSOP

સરકારે જણાવ્યું છે કે, દેશનાં એક હજાર સાત સો બે રેલવે સ્ટેશનો પર કુલ એક હજાર નવ સો છત્રીસ એક સ્ટેશન - એક ઉત્પાદન **OSOP** કામ કરી રહ્યા છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે લોકસભામાં જણાવ્યું કે, કુલ 67 હજાર નવ સો 89 લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------

## બાંગ્લાદેશ-ભારતીયો માટે એડવાઇઝરી

બાંગલાદેશના ઢાકામાં ભારતના હાઇ કમિશને ત્યાં રહેતા ભારતીય નાગરિકો માટે સલાહ જારી કરી છે. કમિશને તેની એડવાઇઝરીમાં કહ્યું છે કે, બાંગલાદેશની વર્તમાન સ્થિતને ધ્યાનમાં રાખતા ત્યાં રહેતા ભારતીય સમુદાયના સભ્યો અને વિદ્યાર્થીઓને સ્થાનિક મુસાફરી ટાળવાની અને ઘરની બહાર અવરજવર મર્યાદિત કરવાની સલાહ આપવામાં આવે છે.

હાઇ કમિશને વધુમાં જણાવ્યું છે કે, કટોકટીની સ્થિતિમાં અથવા કોઈ પણ મદદ માટે ભારતીય નાગરિકો હાઇ કમિશન અને આસિસ્ટન્ટ હાઇ કમિશનનો ગમે ત્યારે સંપર્ક સાધી શકે છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------

## એક પેડ મા કે નામ અભિયાન

દેશવ્યાપી 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધી 7 કરોડ 15 લાખથી વધુ છોડનું વાવેતર થતાં ગુજરાત દેશભરમાં બીજા ક્રમે રહ્યું છે. જ્યારે 37 રાજ્ય અને કેન્દ્રશાસિત

પ્રદેશોમાં અત્યાર સુધીમાં 29 કરોડ 37 લાખથી વધુ છોડના વાવેતરનો નવો વિક્રમ સ્થાપિત થયો છે.

રાજ્યના વન મંત્રી મુળૂભાઈ બેરાએ કહ્યું, 8 કરોડ 88 લાખ છોડના વાવેતર સાથે ઉત્તરપ્રદેશ સમગ્ર દેશમાં પહેલા નંબર પર રહ્યું છે.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલે **જણાવ્યું હતું કે**, ગ્રામ્ય વિસ્તારમાં 57 લાખ 26 હજાર અને શહેરી વિસ્તારમાં એક લાખ એમ કુલ 58 લાખ 29 હજાર છોડના વાવેતર સાથે સુરત જિલ્લા સમગ્ર રાજ્યમં પહેલા નંબરે છે. ગ્રામ પંચાયતો, શૈક્ષણિક-સ્વૈચ્છિક સંસ્થાઓ તેમ જ વૃક્ષપ્રેમી નાગરિકો પણ આ અભિયાનમાં પ્રદાન આપી રહ્યા છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## ગાંધીનગર ખાતે નંદ ઘરનું નિર્માણ

ગાંધીનગરના જાખોરા ગામ ખાતે દેશમાં સૌપ્રથમ વાર લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેકનોલોજીથી સજ્જ નંદ ઘરનું નિર્માણ કરવામાં આવ્યું છે. મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે ગઇકાલે આ નંદ ઘરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમણે લાભાર્થીઓ માટે સમાન વ્યવસ્થાપન પ્રણાલી અને આંગણવાડીઓની

ફરિયાદ નિવારણ વ્યવસ્થા માટેની મોબાઇલ એપ પણ લોન્ચ કરી હતી.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

## દૂધ સંજીવની યોજના

રાજ્યમાં દૂધ સંજીવની યોજના અંતર્ગત છેલ્લા 10 વર્ષમાં 87 લાખ 89 હજાર 105 જેટલા લાભાર્થીને પોષણયુક્ત દૂધનો લાભ અપાયો છે. જ્યારે હાલમાં 10 લાખથી વધુ લાભાર્થી આ યોજનાનો લાભ મેળવી રહ્યા છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

## નાગપંચમીના પૂજન-અર્ચન

વર્ષો જૂની રાજ પરંપરા મુજબ આવતીકાલે નાગપંચમી નિમિત્તે રાજ પરિવારમાંથી 20 જેટલા પ્રતિનિધિ પૂજન વિધિ માટે પ્રાગમહેલ-દરબાર ગઢથી ભુજિયા ડુંગર જવા પ્રયાણ કરશે. ભુજિયા ડુંગર ઉપર ભુજંગદેવ ખેતરપાળ દાદાના મંદિરે કચ્છ મહારાણી પ્રીતિદેવીની સૂચનાનુસાર પૂજા અર્ચના કુંવર ઇન્દ્રજિતસિંહજી જાડેજાના હસ્તે સવારના 9.30 કલાકે કરાશે. ત્યારબાદ રાજપરંપરા મુજબ ભુજંગદેવના પૂજારી વાઘજીભાઈ સંજોટ કુંવરને તિલક કરશે. સર્વે

જ્ઞાતિના લોકો ખેતરપાળ દાદાના દર્શન કરી ભુજંગદેવના આશીર્વાદ મેળવશે. આવતીકાલે ભુજિયાની તળેટીમાં મેળો યોજાશે જે સાથે શ્રાવણી મેળાઓનો પ્રારંભ થશે.

**N.P. શીતલ વૈષ્ણવ**

-----------------------------------------------------------------